ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા અમલમાં મુકાયેલ મુડી ભંડોળ, સ્વરોજગારી તેમજ NSTFDCની પુરસ્કૃત યોજના હેઠળ લ્હેણી બાકી મુદત વીતી રકમ વસુલાત માટે "One Time Settlement" ની યોજના અમલમાં મુકવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: ટીડીસી/૧૦૨૦૧૫/૬૯૮/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૦૪/૨૦૧૭

<u>વંચાણે લીધા</u> :-

(૧) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો તા.૦૭/૦૫/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ વવસ /ધિ.વા. /વશી/૨૮૮ થી ૨૮૯/૨૦૧૫.

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો તા.૦૮/૧૨/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ જીટીડીસી /વસત /૨૦૧૫/વન ટાઇમ/વશી/૧૭૧૦૭.

<u>આમુખ</u> :-

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર તરફથી જુદી જુદી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે મુડીભંડોળ, સ્વરોજગારી, તથા NSTFDC ની યોજનાઓ મુખ્યત્વે છે. આ યોજનાઓ હેઠળ કોર્પોરેશન દ્વારા કૃષિ અને પશુપાલન, વાહન વ્યવહાર તથા એવા ક્ષેત્રે પ્રોજેક્ટ તૈયાર કરીને જુદા જુદા હેતુઓ માટે ધિરાણ કરવામાં આવે છે. જેમાં મુડીભંડોળ હેઠળ સંસ્થાગત ધિરાણ, સ્વ-રોજગારી હેઠળ જુદા જુદા હેતુ માટે વ્યક્તિગત ધિરાણ તથા NSTFDC હેઠળ NSTFDC પાસેથી ટર્મલોન મેળવી કોર્પોરેશનનો ફાળો ઉમેરી કુલ ૧૦૫૬૮૮ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ રૂ.૧૪૩૮૯.૧૩ લાખનું ધિરાણ કરવામાં આવેલ છે. કોર્પોરેશન દ્વારા સદરહું યોજનાઓ હેઠળ લાભાર્થીઓને કરેલ કુલ ૧૪૩૮૯.૧૩ લાખ ધિરાણ સામે ત્રણેય યાજનાઓ હેઠળ કુલ ૧૦૦૦૩.૯૫ લાખ તથા વ્યાજ પેટે રૂ.૨૪૪૮.૬૨ લાખ મળી કુલ રૂ.૧૨૪૫૨.૫૭ લાખની વસુલાત મેળવવામાં આવેલ છે. આમ, લાભાર્થી તરફથી ૬૯.૫૨ ટકા વસુલાત જમા આવેલ છે. સદરહું વિગતો જોતાં કરવામાં આવેલ ધિરાણ સામે દિન-પ્રતિદિન મુદ્દલ રૂ.૪૩૮૫.૧૮ લાખ સામે અને વ્યાજ રૂ.૭૯૬૩.૭૮ લાખ કુલ મળી સને ૨૦૧૪-૧૫ રૂ.૧૨૩૪૮.૯૬ લાખની મુદત વીતી રહેવા પામે છે. કોર્પોરેશન દ્વારા આ યોજનાઓ ધિરાણ સામે લાભાર્થી પાસેથી બાકી વસુલાત

મેળવવા માટે કોર્પોરેશન દ્વારા અથાગ પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. તેમ છતાં વસુલાત જોઇએ તેટલા પ્રમાણમાં નિયમિત આવતી નથી.

આ યોજનાઓ ધિરાણ સામે વસુલાતનું પ્રમાણ દિન-પ્રતિદિન ઘટતુ જાય છે. અને તેના કારણે કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ પણ નબળી પડતી જાય છે. જેના કારણે કોર્પોરેશન નવીન ધિરાણ કરવામાં પણ મુશ્કેલી અનુભવે છે. આ સંજોગોમાં કોર્પોરેશનના ધિરાણના લાભીત વ્યક્તિઓ/મંડળીઓ/સંસ્થાઓને વસુલાત માટે પ્રેરિત કરવા/ પ્રોત્સાહીત કરવા "One Time Settlement" ની યોજના લાગુ પાડવામાં આવે તો કોર્પોરેશનની વસુલાત વધવાની સામે આર્થિક પરિસ્થિતિમાં પણ સુધારો કરી શકાય તેમજ આપેલ વસુલાતના નાણા દ્વારા ધિરાણની પ્રવૃત્તિ પુનઃ ચાલુ કરી કોર્પોરેશનને ધબકતું કરી શકાય.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ખાતાના વડાઓ અનુક્રમે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું હસ્તકનાં નિગમોનાં લાભાર્થીઓને ધિરાણની બાકી મુદલની સંપૂર્ણ રકમ નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં ભરપાઇ કરે તો વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા અંગેની "One Time Settlement" યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તે પ્રમાણે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ માટે "One Time Settlement" યોજના હેઠળ રૂ.૪૩૮૫.૧૮ લાખની મુદલ પેટેની રકમ સંબંધિત લાભાર્થીઓ પાસેથી વસુલ કરવા માટે કુલ રૂ.૭૯૬૩.૭૮ લાખની (દંડનીય વ્યાજ સહિત)ની રકમ માફ કરવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧) આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીએ જરૂરી વિગતો સાથે લેખિતમાં અરજી કરવાની રહેશે.

(૨) આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતા લાભાર્થીઓએ બાકી મુદલની રકમ તા.૩૦/૦૯/૨૦૧૭ની મુદત સુધીમાં એક સાથે અથવા હપ્તેથી ભરપાઇ કરવાની રહેશે અને આવી મુદ્દલની રકમ સંપૂર્ણ ભર્યેથી લાભાર્થીના ખાતામાં ચડેલ વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ માફ કરી તેનું ખાતું સરભર કરવાનું રહેશે.

(૩) રાજ્ય સરકારની આ યોજના અંગે નિગમ દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે અને યોજનાનો લાભ અને વસુલાત ઝુંબેશના સ્વરૂપે હાથ ધરવાની રહેશે.

(૪) નિગમની કચેરીના સમગ્ર મહેકમનો ઉપયોગ કરી એક ઝુંબેશ રૂપે વસુલાતની કામગીરી કરવાની રહેશે. આ માટે નવું કોઇપણ પ્રકારનું મહેકમ મંજુર કરવાનું રહેશે નહીં.

(૫) આ અંગેનો વહીવટી ખર્ચ વસુલાતની રકમના ૨% થી વધે નહીં તે અંગેની પુરતી તકેદારી નિગમે રાખવાની રહેશે અને સક્રિયપણે મોનીટરીંગ કરી તા.૩૦/૦૯/૨૦૧૭ સુધીમાં વસુલાતની કામગીરી સમયમર્યાદામાં અચુકપણે પુરી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૪/૦૩/૨૦૧૭ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના** :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ

---

- પત્ર દ્વારા

D:\...\HARESH SIR\TDC-102015-698-GH.docx